# મુસા અને જૂના કરારનો નિયમ

## પાંચ પુસ્તકો (નિયમશાસ્ત્ર) ભાગ-૩

### નિર્ગમન- દેવનો નિયમ અપાયો.

**પ્રાર્થના** : પ્રાચીન ઈસ્ત્રાએલીઓને તમારો નિયમ આપવામાં અમારા માટે જે હેતુ હતો, તે સમજવા માટે અમારી સહાય કરો.

**૧. તમારા હૃદય અને મનોને દેવના વચનો વડે તૈયાર કરો.**

જૂના કરારનો પાયો અને મુખ્ય બાબત રૂપ દશ આજ્ઞાઓ આપવા માટે દેવે કેવી રીતે લોકોને તૈયાર કર્યા. તે **નિર્ગમન ૧૯** માંથી શોધો.



દશ આજ્ઞાઓ (સંક્ષેપ)

૧. મારા સિવાય તારે અન્ય દેવો ન હોય.

૨. મૂર્તિની પૂજા કરવી નહી.

૩. ઈશ્વરનું નામ અમથું લેવું નહી.

૪. સાતમા દિવસને વિશ્રામ માટે જુદો પાડવો.

૫. તારા બાપનું તથા તારી માનું સન્માન કર.

૬. ખુન ન કર.

૭. વ્યભિચાર ન કર.

૮. તું ચોરી ન કર.

૯. તુ જુઠી સાક્ષી ન પુર

૧૦. બીજા માણસની મિલ્કત માટે લોભ ન રાખ.

આ દશ આજ્ઞાઓ જેને જુનાકરારમાં ફક્ત નિયમ અથવા કરાર કહેવામાં આવેલ છે તેનું સંપૂર્ણ વિવરણ **નિર્ગમન ૨૦ ૧થી ૧૭ માં શોધો.**

દશ આજ્ઞાઓના **ઐતિહાસિક સત્યો :**

- દેવે ઈસ્ત્રાએલપુત્રોને ચમત્કારો કરીને અને લાલ સમુદ્રના બે ભાગ કરીને મિસરની ગુલામીમાંથી છોડાવ્યા પછી તરત તેમને દશ આજ્ઞાઓ આપી. આ રીતે દયાના મોટા ચમત્કારોને કારણે દેવને આધીન થવાનું હતું. (નિર્ગમન-૨૦:૨)
- પ્રાચીન નિયમમાં મૂળભૂત દશ આજ્ઞાઓની સાથે ૬૧૨ નિયમો સમાયેલા હતા. આમાંના ઘણાં બધા નિયમો લોકો પાળે તેવું દેવ અત્યારે માંગતો નથી. જેમકે કેવળ યરૂશાલેમમાંજ ભજન કરવું, સાબ્બાથ દિવસે કામ કરનાર ને મારી નાખવો, સાબ્બાથના વર્ષોમાં ખેતી ન કરવી અને પશુઓના બલિદાનો ચઢાવા. ઘણાં ઓછા જૂના કરારના નિયમોની જરૂર નવા કરારમાં રહી છે. બનેં કરારોનો પ્રાથમિક નિયમ પ્રેમનો છે. (પુર્નનિયમ-૬:૪-૫) પાઉલ પ્રેરિતે જેઓ વિશ્વાસીઓ પાસે ખાસ દિવસો પળાવતા હતા, અને અમુક ઠરાવેલો ખોરાક ખાવાનું શીખવતા હતા.તેઓને ધમકાવ્યા હતા.(ગલાતી-૩:૧-૩, ગલાતી૪:૯-૧૧, કોલોસી૨:૧૬-૧૭.

- મુસાએ પોતાના સસરા યિથ્રોની સલાહ માની અને દેવના લોકોનો ન્યાય કરવા વડીલો ઠરાવ્યા.(નિર્ગમન ૧૮:૨૪-૨૫) આ ન્યાયાધિશોએ દેવનો નિયમ શીખવાનો હતો. (નિર્ગમન ૧૯-૭) એક વખત ફરી રહેલા ઈસ્ત્રાએલઓએ જે પાછળથી સિનાય પર્વત કહેવાયો તેની પાસે છાવણી નાખી. દેવે તેમને કહ્યું કે તેઓએ પહાડ ઉપર ચઢવું નહી. નહી તો તેઓ માર્યા જશે (નિર્ગમન૧૯:૨-૫) કેવળ મુસાને પહાડ પર જવાની રજા હતી. દેવ તે પહાડ ઉપર મોટી ગર્જના, વીજળી અને ધુમાડાના ગોટા સાથે ઉતર્યો. અને પહાડ ભારે ધ્રુજયો(નિર્ગમન૧૯:૧૬-૨૦) ત્યાં દેવે મુસાને પથ્થરની શિલાપાટીઓ ઉપર કોતરેલી દશઆજ્ઞાઓ આપી. (નિર્ગમન ૨૪-૧૨).
- ખ્રિસ્તી વિશ્વાસીઓ માટે નવા કરારમાં દશમાંની નવ આજ્ઞાઓ જરૂરી ગણવામાં આવી છે. સાતમાં દિવસને પવિત્ર પાળવાનું ખ્રિસ્તીઓ માટે જરૂરી નથી. શરૂઆતના ખ્રિસ્તી લોકો અઠવાડિયાના પહેલા દિવસે ભેગા મળતા હતા. (પ્રેરિત ૨૦:૭) દેવે સાબ્બાથના બદલે બીજો દિવસ બદલ્યો નથી. તેથી ઉલ્ટુ દેવે કરાર બદલ્યો છે. દેવે પોતાના લોકોને માટે જે વિશ્રામ રાખ્યો છે. તેનો પ્રકાર તે કરાર સમજાવે છે. (હેબ્રી ૪:૩-૧૨) કેટલાક દેવળો હજુ પણ સાબ્બાથ દિવસે પુરો વિશ્રામ રાખે છે.
- સાતમા દિવસનો વિશ્રામ જુના કરારની બીજી આજ્ઞાઓની જેમ જુના કરારમાં જરૂરી હતો. તે જૂની કાયમ ન ટકનારી અને ભૌતિક સૃષ્ટિ ઉપર પ્રકાશ પાડે છે. કારણકે દેવે જગતની રચના કર્યા પછી સાતમા દિવસે વિશ્રામ લીધો.(નિર્ગમન ૨૦:૧૧)
- અઠવાડિયાનો પહેલો દિવસ જે દિવસે ઈસુ મરણમાંથી ઉઠયો. તે નવી, આત્મિક સૃષ્ટિ અને જુનાના બદલે આવેલ નવા કરાર ઉપર પ્રકાશ ફેંકે છે. ખ્રિસ્તીઓ જયારે પવિત્રઆત્મા દ્વારા નવો જન્મ પામે છે. ત્યારે આ નવી સદાકાળની ઉત્પત્તિનો ભાગ બને છે. (યર્મિયાહ ૩૧:૩૧-૩૪, ૨ કોરોથીં :૫-૧૭)
- દેવે જુના કરારને બદલીને કૃપાનો નવો કરાર કર્યા છે. ઈસુએ પોતાના લોહી દ્વારા સ્થાપ્યો હોવાથી આ નવો કરાર વિશ્વાસીઓ માટે નવો નિયમ ખુલ્લો કરે છે. તે તો સ્વતંત્રતાનો નિયમ (યાકૂબ ૧:૧૪),વિશ્વાસનો નિયમ(રૂમી૩:૨૭-૨૮), પ્રેમનો નિયમ(ગલાતી ૫:૧૪), આત્માનો નિયમ(રૂમી૮:૨-૪) જુની મરણની સંસ્થા જે જુના નિયમ પ્રમાણે જીર્ણ થઈ ગઈ છે તેની જગ્યાએ વધારે ગૌરવી અને સનાતન આત્માની સેવા દાખલ થઈ છે. (૧ કોરંથી ૩:૭-૧૧).
- જૂનો કરાર મરણ લાવતો હતો. કારણકે કોઈ માણસ બધી આજ્ઞાો પાળી શકતો ન હતો. તેનો ત્રણ પ્રકારનો હેતુ હતો.
  ૧. પ્રાચીન ઈસ્ત્રાએલી લોકો માટે તેમાં સિવિલ અને મિલિટરી કાયદા હતા. જેથી વડીલો સમજપૂર્વક ન્યાય કરી શકે.
  ૨. તેમાં પાપ વિશે જ્ઞાન થતું હતું. (રૂમી ૩:૧૯-૨૦)
  ૩. જે વધારે સારી બાબતો આવવાની હતી તેના બાળ શિક્ષક અને પ્રતિછાયારૂપ તે હતો એટલે પાપીઓને ખ્રિસ્ત તરફ દોરતો હતો. ખ્રિસ્તે વધસ્તંભના ખીલ્લા દ્વારા આપણી વિરૂધ્ધના મરણનો જે હુકમ હતો તેના નાબુદ કર્યો છે.(ગલાતી ૩:૨૪-૨૫, કોલોસી ૨:૧૪-૧૭)

**નિર્ગમન ૩૨** વાંચો. દેવ મુસાને દશ આજ્ઞાઓ આપે છે. તેનું બીજું વૃતાંત છે.

- દેવ શા માટે ઈસ્ત્રાએલીઓ ઉપર કોપાયમાન થયો.
- મૂર્તિપૂજકોને મારી નાખવા બાબતે દેવે પોતાનું મન શા માટે બદલ્યું.
- કઈ મૂર્ખાઈ ભરેલી બાબત મુસાએ ગુસ્સામાં આવીને શીલાપાટીઓ બાબતે કરી.

**૨. વિશ્વાસીઓ આવતા અઠવાડિયે એકબીજાને મદદ કરવા માટે નિયમના અક્ષરો કરતા પવિત્ર આત્માની દોરવણીથી શી પ્રવૃત્તિઓ કરશે તેનું આયોજન કરો.**

જો કોઈ વિશ્વાસીને જુના કરારના નિયમો બાબતે ગુંચવણ હોય તો તેમની મુલાકાત લેવી અને આ અભ્યાસમાં આપવામાં આવેલ સત્યો સમજાવવા ખ્રિસ્તી વિશ્વાસીઓ કૃપાના નવા કરારની નીચે છે તે સમજાવવું ખ્રિસ્તી જીવનની નાની બાબતો પણ લિખિત નિયમો દ્વારા ચલાવાતી નથી પરંતુ પવિત્ર આત્માને, સ્વતંત્રતાના નિયમને અને પ્રેમના નિયમને આધીન થવા દ્વારા ચલાવાય છે.

જો કોઈ વિશ્વાસી જૂનો કારાર પાળવા પોતે બંધાયેલો છે તેમ માનતો હોય તો તે નિયમના બંધનથી છૂટે માટેપ્રાર્થના કરો. રૂમી૬:૧૪ મુખપાઠ કરવા તેને ઉત્તેજન આપો. 'પાપ તમારા પર રાજ કરશે નહિ કારણકે તમે નિયમને આધિન નથી કે જે તમને પાપના ગુલામ બનાવે છે પણ તેને બદલે તમે દેવની કૃપાથી સ્વતંત્ર થયા છો.'

જો વિશ્વાસીઓ ઈસુની પ્રેમની આજ્ઞા કરતાં જૂના કરારના નિયમો ઈચ્છા રાખતા હોય તે તેમની સમક્ષ કોલો.૨:૧૬-૧૭ વાંચો એથી ખાવાપીવા વિષે કે પર્વ કે ચાંદરાત કે વિશ્રાવારો વિષે કોઈ તમને દોષિત નઠરાવે તેઓ તો થનાર વાતોનો પડછાયો છે પણ શરીર ખ્રિસ્તનું છે.

**૩. બીજી ભજનસેવાની પ્રવૃત્તિઓ વિષે સાથીદારો સાથે મળીની આયોજન કરો.**

ચાલુ જરૂરિયાતો અને ચાલતી રસમોને અનુસરીને પ્રવૃત્તિઓ પસંદ કરો.

દેવે કેવી રીતે ઈસ્ત્રાએલપુત્રોને દસ આજ્ઞાઓ આપી તે કહો અને મુસાએ જેઓ પાપ કરે તેઓને બચાવવા અરજ કરી તે **કહો**.

જૂના કરારના નિયમ બાબતના ઐતિહાસિક સત્યો **સમજાવો.** (ઉપર, ભાગ-૧)

બાળકોએ તૈયાર કરેલા નાટક, ગીત અને પ્રશ્નો તેમને **રજુ કરવા દો.**

જેઓ હજુ દસ આજ્ઞાઓ પાળવાને વળગી રહ્યાં છે તેવા વિશ્વાસીઓની મુલાકાત લેવાના સાથીદારો સાથે કરેલા આયોજનની સમજણ આપો.

યોહાન ૧:૧૭ એકસાથે **મુખપાઠ કરો**. ''નિયમશાસ્ત્ર મુસા દ્વારા આવ્યું પણ કૃપા તથા સત્યતા ઈસુ ખ્રિસ્ત મારફતે આવી.''

**પ્રભુની મેજ** શરૂ કરતા કોલો૨:૧૩-૧૪ વાંચો. સમજાવો કે ઈસુનું લોહી આપણને મરણના નિયમના શ્રાપથી છૂટકારો બક્ષે છે માટે પ્રભુની મેજ પ્રભુના રક્તના અર્પણોની ઉજવણી કરે છે.

બે કે ત્રણના જૂથમાં એકબીજા માટે **પ્રાર્થના કરો**. નવા કરારના વિશ્વાસીઓ માટે જેની દેવ જરૂર જોતો નથી તે જૂના કરારના નિયમો પાળવામાં ગુચવણ અનુભવી રહેલા લોકો માટે ચોક્કસ આયોજન કરો.

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net